# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02.10.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી યુક્રેન સંઘર્ષનો શાંતિપૂર્ણ ઉકેલ લાવવા મહત્વપૂર્ણ વિચારો ધરાવતા હોવાનું જણાવતા રશિયાના રાષ્ટ્રપતિ.

2) આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની 157મી જન્મજયંતિ પર સમગ્ર રાષ્ટ્ર તેમને શ્રદ્ધાંજલિ આપી રહ્યું છે.

3) ફ્લાયદુબઈ ફ્લાઇટઘટનામાં ઘાયલ થયેલા કેપ્ટન સ્મિત મછારની હાલત સ્થિર છે અને તેઓ સ્વસ્થ થઈ રહ્યા છે.

4) વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે બ્રિટન અને ઓસ્ટ્રેલિયા સાથે ભારતના વેપાર સંબંધોના ઝડપી વિસ્તરણ પર ભાર મૂક્યો હતો.

5) જાપાનમાં ચાલી રહેલી એશિયન ગેમ્સમાં, ભારતે 10 સુવર્ણ, 23 રજત અને 33 કાંસ્ય ચંદ્રક સાથે 66 ચંદ્રક જીતી લીધા છે.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PUTIN - MODI

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું છે કે યુક્રેન સંઘર્ષનો પરસ્પર સ્વીકાર્ય ઉકેલ શોધવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પાસે ખૂબ જ સારા વિચારો છે. વાલ્ડાઈ ફોરમમાં બોલતા શ્રી પુતિને નોંધ્યું કે શ્રી મોદી નિયમિતપણે તેમની ચર્ચા દરમિયાન યુદ્ધનો અંત લાવવાનો પુનરોચચાર કરે છે અને શાંતિપૂર્ણ સમાધાનમાં મજબૂત રસ દર્શાવે છે.

શ્રી પુતિને ભારતની રાજદ્વારી સ્થિતિને તટસ્થ ગણાવી હતી છતાં દુશ્મનાવટનો અંત લાવવામાં ઊંડાણપૂર્વક ધ્યાન કેન્દ્રિત કર્યું હતું, જ્યારે શ્રી મોદીએ અગાઉ ભાર મૂક્યો હતો કે ભારત "શાંતિના પક્ષમાં" મજબૂત રીતે ઉભું છે. શ્રી પુતિને શ્રી મોદીના સતત જોડાણ અને સંવાદ અને રાજદ્વારી પ્રત્યે વ્યવહારુ અભિગમ બદલ આભાર વ્યક્ત કર્યો.

# GANDHIJAYANTI

આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની 157મી જન્મજયંતિ પર સમગ્ર રાષ્ટ્ર તેમને શ્રદ્ધાંજલિ આપી રહ્યું છે. આ પ્રસંગે દેશ અને વિદેશમાં ભારતીય મિશન દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં મહાત્મા ગાંધીના સ્મારક રાજઘાટ ખાતે એક સર્વધર્મધર્મ પ્રાર્થના સભા યોજાશે. ગાંધી જયંતિ નિમિત્તે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી. તેમણે કહ્યું કે મહાત્મા ગાંધીના જીવન અને આદર્શોનું વિશ્વભરમાં સન્માન કરવામાં આવે છે. શ્રીમતી મુર્મુએ જણાવ્યું કે વિશ્વના ઘણા ભાગોમાં યુદ્ધ અને સંઘર્ષના સંદર્ભમાં, ગાંધીજીનો શાંતિ અને અહિંસાનો સંદેશ આજે પહેલા કરતાં પણ વધુ સુસંગત બની ગયો છે.

# GANDHI JAYANTI-GRAMSABHA

ગાંધી જયંતિ નિમિત્તે આજે દેશભરમાં ખાસ ગ્રામસભાઓ યોજાશે. આ બેઠકોમાં ગ્રામીણ ભારતમાં પંચાયતી રાજને મજબૂત બનાવવા, જાહેર સેવાઓમાં સુધારો કરવા અને ગ્રામજનોના જીવનધોરણમાં સુધારો કરવા માટે હાથ ધરવામાં આવતા વહીવટી સુધારાઓની ચર્ચા કરવામાં આવશે.

સાંભળીએ આ અંગે એક અહેવાલ

## (V\C: JAYABHARTI)

*(ग्रामीण विकास मंत्रालय के अनुसार इन ग्राम सभाओं के साथ ही जन योजना अभियान - "सबकी योजना, सबका विकास" की भी शुरुआत होगी। यह जन योजना अभियान वर्ष २०१८ से सभी राज्यों और केंद्र शासित प्रदेशों में चलाया जा रहा है, ताकि पंचायतें समावेशी और सहभागी विकास योजनाएं बना सकें। )*

# GANDHI-JAYANTI GUJARAT

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મજયંતિ નિમિત્તે ગુજરાતમાં અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પોરબંદરમાં મહાત્મા ગાંધીના જન્મસ્થળ કીર્તિ મંદિર ખાતે પ્રાર્થના સભામાં હાજરી આપશે. અમદાવાદમાં સાબરમતી આશ્રમમાં પણ આંતરધાર્મિક પ્રાર્થના યોજાશે.

રાજ્યભરમાં મોટા પાયે સ્વચ્છતા અભિયાન પણ ચલાવવામાં આવી રહ્યું છે. વધુમાં, રાજ્ય સરકારે ખાદી અને પોલીવસ્ત્રના ઉત્પાદન પર 30 ટકા વિશેષ બજાર પ્રોત્સાહન (SIP) ની જાહેરાત કરી છે. સાંભળીએ આ અંગે એક અહેવાલ......

## (VC: APARNA-KHUNT)

*(यह निर्णय प्रधानमंत्री नरेंद्र मोदी के खादी फॉर नेशन, खादी फॉर फैशन, वोकल फॉर लोकल और हर घर स्वदेशी के संकल्प को गति देने के उद्देश्य से लिया गया है। यह 31 दिसंबर, 2026 तक प्रभावी रहेगा। इस प्रोत्साहन सहायता का सीधा लाभ उपभोक्ताओं को अधिकृत खादी बिक्री केंद्रों पर छूट के रूप में मिलेगा। आगामी त्योहारों के सीजन में स्थानीय उत्पादों की बिक्री को बढ़ावा देने के लिए राज्य के प्रमुख शहरों में विशेष खादी प्रदर्शनियों सह-बिक्री मेलों का भी आयोजन किया जा रहा है।)*

# LAL BAHADUR SHASHTRI-JAYANTI

દેશ ભારતના બીજા પ્રધાનમંત્રી લાલ બહાદુર શાસ્ત્રીની 122મી જન્મજયંતિની ઉજવણી કરી રહ્યું છે. તેઓનો જન્મ 2 ઓક્ટોબર, 1904 ના રોજ ઉત્તર પ્રદેશમાં થયો હતો. કિશોરાવસ્થામાં, તેઓ ભારતીય સ્વતંત્રતા ચળવળમાં જોડાયા અને 1921 માં અસહકાર ચળવળમાં ભાગ લીધો. સ્વતંત્રતા પછી, શ્રી શાસ્ત્રીએ ઉત્તર પ્રદેશ અને પછી કેન્દ્ર સરકારમાં અનેક મહત્વપૂર્ણ હોદ્દાઓ સંભાળ્યા.

# MEA-CAPTAIN SMIT

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે તેઓ ભારતીય નાગરિક અને ફ્લાયદુબઈ ફ્લાઇટના બહાદુર પાઇલટ કેપ્ટન સ્મિત મછારના સ્વાસ્થ્યની સ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે સાઉદી અરેબિયાના તાબુકની એક હોસ્પિટલમાં પ્રારંભિક સારવાર બાદ, તેમને હવે વધુ સારવાર માટે અબુ ધાબી ખસેડવામાં આવ્યા છે.

સંયુક્ત આરબ અમીરાતમાં ભારતીય રાજદૂત હોસ્પિટલમાં કેપ્ટન મછારને મળ્યા અને તેમના સ્વાસ્થ્ય વિશે પૂછપરછ કરી. અગાઉ, રાજદૂતે તેમના પરિવાર સાથે પણ મુલાકાત કરી અને કેપ્ટનના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે શક્ય તમામ સહાયની ખાતરી આપી.

વિદેશ મંત્રાલય ફરી એકવાર કેપ્ટન સ્મિત મછારના બહાદુરી અને હિંમતને સલામ કરે છે. કેપ્ટન મછારના અદમ્ય હિંમત માટે વિશ્વભરમાંથી પ્રશંસા અને સમર્થનનો વરસાદ થવા બદલ મંત્રાલય પ્રશંસા વ્યક્ત કરે છે.

દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેપ્ટન સ્મિત મછારને હીરો ગણાવ્યા હતાં

## (BYTE: PM-ON-SMITH)

*(भारत के कैप्टन स्मिथ ने जिस प्रकार से धैर्य, सूझबूझ और साहस का परिचय करवाया, और जैसे आज इजराइल के प्रधानमंत्री ने कहा, इस हिंदुस्तानी ने 9/11 होने से बचा लिया। हर देशवासी के लिए स्मिथ का यह पराक्रम हमें गर्व से भर देता है। )*

દુબઈ-તેલ અવીવ ફ્લાઇટમાં ઓમાનના સહ-પાયલટે ભારતીય પાઇલટ કેપ્ટન સ્મિત મછાર પર હુમલાની ઘટના બાદ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તેમની પ્રશંસા કરી હતી.

# CAPTAIN-SMIT-MACHAR-STABLE

ફ્લાયદુબઈ ફ્લાઇટ ઘટનામાં ઘાયલ થયેલા કેપ્ટન સ્મિત મછારની હાલત સ્થિર છે અને તેઓ સ્વસ્થ થઈ રહ્યા છે. સંયુક્ત આરબ અમીરાતમાં ભારતના રાજદૂત ડૉ. દીપક મિત્તલે પ્રસાર ભારતી સાથેની એક વિશિષ્ટ મુલાકાતમાં આ વાત કહી. ડૉ. મિત્તલે કહ્યું કે તેઓ સંયુક્ત આરબ અમીરાતમાં કેપ્ટન મછાર અને તેમના પરિવારને મળ્યા તેમણે કહ્યું કે કેપ્ટન મછારને સારી તબીબી સંભાળ મળી રહી છે અને ભારતીય દૂતાવાસ સંબંધિત અધિકારીઓ સાથે સતત સંપર્કમાં છે.

દરમિયાન, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મોટી દુર્ઘટના અટકાવવામાં તેમની હિંમત બદલ કેપ્ટન મચ્છરની પ્રશંસા કરી છે.

# GOA-SHIVRAJ

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ આજે ગોવાની મુલાકાતે છે. તેઓ પોંડામાં એક કાર્યક્રમમાં ખેડૂતો અને નાગરિકો સાથે વાતચીત કરશે. પંચાયત સભ્યો અને કાઉન્સિલરો આ કાર્યક્રમમાં ઓનલાઈન ભાગ લેશે. સાંભળીએ આ અંગે એક અહેવાલ......

## (VC: MAHESH-CHOPARE---GOA)

*'गोवा फ्रेश' ब्रांड की शुरुआत: केंद्रीय मंत्री शिवराज सिंह चौहान आज गोवा में 'गोवा फ्रेश' ब्रांड की शुरुआत करेंगे। कृषि उपज की ब्रांडिंग: इस पहल के तहत गोवा में उत्पादित कृषि उपज की ब्रांडिंग और पैकेजिंग की जाएगी। उद्देश्य: राज्य सरकार ने गोवा के कृषि उत्पादों को बढ़ावा देने और उन्हें पहचान दिलाने के उद्देश्य से 'गोवा फ्रेश' ब्रांड विकसित किया है। संवाद का अवसर: इस कार्यक्रम के माध्यम से राज्यभर के किसानों और महिलाओं को केंद्रीय कृषि मंत्री के साथ सीधे संवाद का अवसर मिलेगा। संस्थान का दौरा: इसके बाद केंद्रीय मंत्री भारतीय कृषि अनुसंधान परिषद के केंद्रीय तटीय कृषि अनुसंधान संस्थान का दौरा करेंगे और वहां समीक्षा बैठक करेंगे*

# PIYUSH GOYAL

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે આજે બ્રિટન અને ઓસ્ટ્રેલિયા સાથે ભારતના વેપાર સંબંધોના ઝડપી વિસ્તરણ પર ભાર મૂક્યો હતો. તેમણે અમેરિકાના વિસ્કોન્સિનના મિલવૌકીમાં G-20 વેપાર મંત્રીઓની બેઠક દરમિયાન બંને દેશોના મંત્રીઓ સાથે અલગ-અલગ બેઠકો કરી હતી.

શ્રી ગોયલે યુકેના વેપાર, નવીનતા, વિજ્ઞાન અને વાણિજ્ય મંત્રી જોનાથન રેનોલ્ડ્સ સાથે ભારત-યુકે વ્યાપક આર્થિક અને વેપાર કરારના અમલીકરણની સમીક્ષા કરી હતી અને દ્વિપક્ષીય વેપારને બમણો કરવા માટે કરારનો ઉપયોગ કરવાના માર્ગો પર ચર્ચા કરી હતી. આ કરાર 15 જુલાઈ, 2026 થી અમલમાં છે. શ્રી ગોયલે ઓસ્ટ્રેલિયાના વેપાર અને પર્યટન મંત્રી સેનેટર ડોન ફેરેલ સાથે પણ મુલાકાત કરી હતી. બંને પક્ષોએ ભારત-ઓસ્ટ્રેલિયા વ્યાપક આર્થિક સહયોગ કરાર પર વાટાઘાટોને ઝડપી બનાવવાના પ્રયાસો પર ચર્ચા કરી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# MoCAREFORMS

નાગરિક ઉડ્ડયન મંત્રાલય (MoCA) એ ભારતીય એરપોર્ટ પર કામ કરતા લોકો માટે ઉડ્ડયન સુરક્ષા પ્રક્રિયાઓને સરળ અને ઝડપી બનાવવા માટે શ્રેણીબદ્ધ સુધારાઓ શરૂ કર્યા છે. નવી દિલ્હીમાં બ્યુરો ઓફ સિવિલ એવિએશન સિક્યુરિટી (BCAS) ના સુધારાઓ અંગે મીડિયાને માહિતી આપતા, નાગરિક ઉડ્ડયન સચિવ સમીર કુમાર સિંહાએ જણાવ્યું હતું કે આ વ્યાપક ફેરફારોનો હેતુ વર્કફ્લોને ડિજિટાઇઝ કરવાનો, પ્રક્રિયાઓને સરળ બનાવવાનો અને ઉચ્ચતમ સુરક્ષા ધોરણો જાળવી રાખીને જવાબદારી-આધારિત શાસન તરફ સંક્રમણ કરવાનો છે.

# FASTAGS

સરકારે દિવ્યાંગ વ્યક્તિઓ માટે ડિસ્કાઉન્ટેડ FASTags ની માન્યતા એક વર્ષથી વધારીને પાંચ વર્ષ કરી છે. કેન્દ્રએ દિવ્યાંગ વ્યક્તિઓ અને દિવ્યાંગ લાભાર્થીઓ માટે ડિસ્કાઉન્ટેડ FASTags જારી કરવા અને રિન્યૂ કરવા માટેની માર્ગદર્શિકામાં સુધારો કર્યો છે. આ માર્ગદર્શિકા આજથી અમલમાં આવશે. અગાઉની માર્ગદર્શિકા હેઠળ, દિવ્યાંગ વ્યક્તિઓ માટે ડિસ્કાઉન્ટેડ FASTags નું વાર્ષિક નવીકરણ ફરજિયાત હતું.

# ASIAN-GAMES

જાપાનમાં ચાલી રહેલી એશિયન ગેમ્સમાં, ભારતે 10 સુવર્ણ, 23 રજત અને 33 કાંસ્ય ચંદ્રક સાથે 66 ચંદ્રક જીતી લીધા છે. ભારત પદક તાલિકામાં આઠમા ક્રમે છે,

પુરુષોની હોકી ટીમે સેમિફાઇનલમાં પાકિસ્તાનને 4-3થી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો, જ્યારે ક્રિકેટ ટીમે શ્રીલંકાને 124 રનથી હરાવીને સુવર્ણ ચંદ્રક મેચમાં સ્થાન મેળવ્યું હતું.

કુસ્તીમાં, નિતેશ સિવાચે પુરુષોની 97 કિલોગ્રામ ગ્રીકો-રોમન કેટેગરીમાં રજત ચંદ્રક મેડલ જીત્યો હતો. ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને એશિયન ગેમ્સમાં મેડલ વિજેતા પ્રદર્શન બદલ ભારતીય ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા છે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિદ્ધિ ઉંધાડ

- આજના તમામ અખબારોમા કેપ્ટન સ્મિત મચ્છરના શૌર્યના સમાચાર વાંચવા મળી રહ્યા છે..
- દિવ્ય ભાસ્કર લખે છે શૌર્યનુ સ્મિત... 174 પેસેન્જરનો જીવ બચાવનાર ગુજરાતી કેપ્ટન ગ્લોબલ હિરો...
- ગુજરાત સમાચારનુ મુખ્ય મથાળુ છે GSTની આવક સળંગ ત્રીજા મહિને બે લાખ રુપિયા કરોડ... સીઈસી જ્ઞાનેશ કુમારના 14 નિર્ણયો રદ કરવા સુપ્રીમ કોર્ટમા નવી અરજી...
- સંદેશની હેડલાઈન છે ઈ-ચલણ નથી ભર્યુ- વાહન જપ્ત થશે- RC-PUC નહીં મળે..
- ભારતીય સપૂત સ્મિતની વીરતા પર વિશ્વ ઓવાર્યુ- જ્ઞાનેશ કુમાર વિરૂદ્ધ મુંબઈ, દિલ્હીમા આજે વિરોધ પ્રદર્શન આ હેડલાઈન છે નવગુજરાત સમય..
- કુલછાબ છેલ્લા પાને લખે છે સ્મિતની શૂરવીરતાનુ સૌ-રાષ્ટ્રને ગૌરવ..
- સ્થાનિક સમાચાર પર નજર કરીએ તો ગાંધી આશ્રમના રૂપ રંગ બદલાશે,નવા અંદાજમા મોર્ડન લુક મળશે..,,ઓપરેશન ગંગાજળ-ગુજરાતના બે IAS ફરજિયાત નિવૃત કરી દેવાયા... વકીલોની સતત બીજા દિવસે હળતાળ રાજ્યભરમા કોર્ટ કામગીરી ઠપ...